NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી-૩૯૬૪૫૦**

વંચાણે: ૧. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧, તા.૦૫/૦૮/૨૦૧૯

૨. નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત (કેસીજી), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના પત્રાંક કેસીજી/શોધ/ ૨૦૨૦-૨૧/૨૫૫૫, તા.૨૨/૦૧/૨૦૨૧

# ઇ-પરિપત્ર

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" **(Scheme of Developing High Quality Research)** યોજના શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટેની નવી અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ઓનલાઈન (https://mysy.guj.nic.in/shodh/) માધ્યમથી તા.૧૦/૧૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવી છે. જેની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૧ છે. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે વિવિધ વિદ્યાશાખામાં પી.એચડી.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત અરજી કરવા પ્રેરાય તેમજ આ યોજનાનો મહત્તમ પ્રમાણમાં લાભ મેળવી શકે તે માટે આ સાથે સામેલ શોધ યોજનાની જાહેરાતનું પોસ્ટર વિવિધ ડીપાર્ટમેન્ટ/કોલેજોને નોટીસ બોર્ડ પર પ્રકાશિત કરવા જણાવવામાં આવે છે. વધુમાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓના સંશોધન કાર્યની મંજુરી માટે યોજાતી **PG-RAG (Research Approval Group)** ની મીટીંગનું સત્વરે આયોજન કરવું કે જેથી બહોળા પ્રમાણમાં આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે.

નોંધ: વિદ્યાર્થીઓના નવા સંશોધન કાર્યની મંજુરી **PG-RAG (Research Approval Group)** માંથી મેળવવાની રહેશે. જ્યારે શોધ યોજનામાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓના સંશોધનના મુલ્યાંકનની કામગીરી યુનિવર્સિટી દ્વારા ગઠિત **RDC (Research Development Committee)** દ્વારા કરવામાં આવશે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે-૬/ ૨૦૯-૧૦ /૨૦૨૧
તા.૨૫/૦૧/૨૦૨૧

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના (જાણ સારૂ.):</u>

૧. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

Knowledge Consortium Of Gujarat

Education Department
Government of Gujarat

सत्यमेव जयते
Education Department
Government of Gujarat

# SHODH

## Scheme Of Developing High quality Research

Financial Assistance to Research Scholars Pursuing Ph.D. in Regular (Full-time mode) in Universities in Gujarat

Apply Now

**Last Date- 28 February 2021**

Application Link https://mysy.guj.nic.in/shodh/

For More Information

shodhsupport-kcg@gujgov.edu.in

9979200152, 7383079214

@Kcguj

@KcgGujarat

# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


નં. કેસીજી/શોધ/૨૦૨૦-૨૧/2555 તા.૨૨/૦૧/૨૦૨૧

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી

તમામ યુનિવર્સિટી

ગુજરાત રાજ્ય

**વિષય: શોધ યોજના વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત નવી અરજીઓ અને શોધ યોજનાની જાહેરાતનું પોસ્ટર યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ વિવિધ સંલગ્ન વિભાગોના નોટીસ બોર્ડ પર પ્રકાશિત કરવા બાબત**

સ્નેહીશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ"(Scheme of Developing High Quality Research) યોજના શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટેની નવી અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી તા.૧૦/૧૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવી છે. જેની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૧ છે. વિદ્યાર્થીઓએ https://mysy.guj.nic.in/shodh/ વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન અરજી કરવાની હોય છે. જેની જાહેરાતનું પોસ્ટર આ સાથે બીડાણમાં સામેલ છે.

રાજ્યમાં પીએચ.ડી. કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત અરજી કરવા પ્રેરાય તેમજ આ યોજનાનો મહત્તમ પ્રમાણમાં લાભ મેળવી શકે તે માટે યુનિવર્સિટી પોતાની વેબસાઈટ તેમજ તમામ સંલગ્ન ડીપાર્ટમેન્ટ/કોલેજોને નોટીસ બોર્ડ પર શોધ યોજનાનું પોસ્ટર પ્રકાશિત કરે તેવી સૂચના આપવા વિનંતી છે. ઓનલાઈન અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૨૮/૦૨/૨૦૨૦ છે. આ તારીખ સુધીમાં RDCની મીટીંગ બાકી હોય તો, તે સમાપ્ત કરીને બધા વિષયના વિદ્યાર્થીના RDCના પરિણામ સમયમર્યાદામાં આપવા જેથી તેઓ રજીસ્ટર્ડ વિષય/ટાઈટલ સાથે શોધ યોજના માટે અરજી કરી શકે. તેથી છેલ્લી તારીખ પેહલા તમામ ફૂલ ટાઇમ રેગ્યુલર મોડમાં પીએચ.ડી. કરવા માંગતા વિદ્યાર્થીઓને આ બાબતની જાણ થાય તે માટે યુનિવર્સિટી તરફથી પોસ્ટર મુકવાની તથા RDC દ્વારા થતી પ્રક્રિયા શક્ય હોય તેટલી ત્વરિત કરવા વિનંતી. વિદ્યાર્થીઓને તેમના પાત્રતાના ધોરણો અને યોજના સંબંધિત અન્ય માહિતી મળી રહે તે માટે શોધ યોજનાના ઠરાવની નકલ પણ આ સાથે બીડેલ છે.

આભાર સહ,

પ્રો.એ.યુ.પટેલ, 22-1-21
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ:

1. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯
2. શોધ યોજનાની જાહેરાત માટેનું પોસ્ટર

નકલ રવાના:

1. નોડલ ઓફિસ- શોધ

"SHODH" (ScHeme Of Developing High quality research)

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૫/૦૮/૨૦૧૯

આમુખ:

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે ગુજરાત સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. સંશોધન અને નવીનીકરણ વિશ્વના, દેશના, રાજ્યના, સમાજના વિકાસ માટે ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. સાંપ્રત સમયમાં સંશોધન અને નવીનીકરણ વગર દેશનો અને રાજ્યનો વિકાસ કરવો લગભગ અશક્ય છે. સંશોધન અને નવીનીકરણને જો શિક્ષણ સાથે સાંકળવામાં આવે તો સૌથી વધુ ફાયદો યુનિવર્સિટી અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મેળવી શકશે. દેશમાં અને રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ હંમેશા સંશોધન ક્ષેત્રે કેન્દ્ર સ્થાને રહેલ છે. આજના સાંપ્રત સમયમાં રીસર્ચ, ઇનોવેશન, વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ઉપકરણોની વૃદ્ધિ થયેલ હોવાથી વિદ્યાર્થીઓ પણ અદ્યતન માહિતી સાથે સજ્જ રહે તે જરૂરી છે. આ માટે દરેક માન્ય સરકારી/સેકટોરલ/ખાનગી યુનિવર્સિટીઓ ખાતે સંશોધન માટે પી.એચ.ડી. નો કોર્સ ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પી.એચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. આથી રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરાય અને પી.એચ.ડીના કોર્સમાં પ્રવેશ મેળવે તે માટે સરકારશ્રી દ્વારા પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓને રીસર્ચ માટે સ્ટાઇપેંડ તથા અન્ય સહાય કરવાનું વિચારણા હેઠળ હતું.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય

પૂરી પાડવા "SHODH" (ScHeme Of Developing High quality research) યોજના અમલમાં મુકવામાં આવે છે અને તે અંતર્ગત નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

ઠરાવ:

૧. આ યોજનાનું નામ "SHODH" (ScHeme Of Developing High quality research) યોજના રહેશે.

૨. આ યોજના અંતર્ગત રાજ્યમાં આવેલ માન્ય સરકારી/સેક્ટોરલ/ખાનગી યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ. ૧૫,૦૦૦ નું સ્ટાઇપેંડ અને વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અન્ય આનુષંગિક ખર્ચ પેટે વધુમાં વધુ ૦૨ વર્ષ સુધી મળવાપાત્ર રહેશે.

૩. અન્ય આનુષંગિક ખર્ચ પેટે મળવાપાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦ માંથી વિદ્યાર્થીઓ પૂસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, વગેરે માટે કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ થયેલ ખરેખર ખર્ચના બીલ પી.એચ.ડી. ગાઈડ દ્વારા પ્રમાણિત કર્યા બાદ કેસીજી ખાતે મોકલી આપવાના રહેશે. કેસીજી દ્વારા પ્રમાણિત બિલોની ચકાસણી બાદ ખરેખર ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ની મર્યાદામાં ચુકવવામાં આવશે.

૪. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટેના પાત્રતાના ધોરણો નીચે મુજબ રહેશે:

1. વિદ્યાર્થીએ કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં એસ.સી/એસટી. કેટેગરીના વિદ્યાર્થીઓને ૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) ની છુટછાટ મળવાપાત્ર રહેશે.
2. વિદ્યાર્થીએ ગુજરાતની માન્ય સરકારી, સેકટોરલ, અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા.૧/૭/૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાવેલ હોવો જોઈએ. રાષ્ટ્રિય કક્ષાની સંસ્થાઓના વિધાર્થીઓને આ લાભ મળશે નહી.
3. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ (જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોકટોરલ ફેલોશીપ, મૌલાના આઝાદ ડોકટોરલ ફેલોશીપ, ICSSR/ICAR/CSIR/ ICPR/ICMR/ICHR કે અન્ય કોઈ સ્કોલરશીપ) મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહી.

4. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈ પણ રીતે કામગીરી બજાવતો કે આવક મેળવતો ન હોવો જોઈએ.
5. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ખાનગી/સેકટોરલ યુનિવર્સિટીમાં ફુલ ટાઈમ પી.એચ.ડી. કરતો હોય અને તેની કોઈ આવક/પગાર ન હોય તો તે પણ આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.
6. પી.એચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ થયેલ હોવું જોઈએ.

૫. આ યોજના હેઠળ ગુણવત્તાયુક્ત સંશોધનો કરતાં ઉમેદવારો નક્કી કરવા માટે નીચે મુજબની સ્ક્રુટીની કમિટીની રચના કરવામાં આવશે.

1. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
2. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
3. ફીજીકલ રીસર્ચ લેબોરેટરી, અમદાવાદ માંથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ- સભ્ય
4. ગુજરાતના બે શિક્ષણવિદ્
5. કેસીજીના અધિકારી- મેમ્બર સેક્રેટરી

૬. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણો અનુસાર સ્ક્રુટીની કમિટી કામગીરી કરશે.

૭. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા મંજુર થયેલ અરજદારોને મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા (DBT) કરવાની રહેશે.

૮. સહાય મેળવનાર વિદ્યાર્થી સામે યુનિવર્સિટી/સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હશે તો આવો વિદ્યાર્થી સહાય મેળવવા માટે અથવા ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. જે કોઈ વિદ્યાર્થી ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપિંડીથી સહાય મેળવેલ હશે તેવું પ્રસ્થાપિત થતા વિદ્યાર્થી પાસેથી સહાયની તમામ રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત લેવાની રહેશે. આ ઉપરાંત તેની સામે કાયદેસરની કાર્યવાહી માટે પગલાં કેસીજી દ્વારા લેવામાં આવશે.

૯. જો કોઈ વિદ્યાર્થી ઉક્ત સહાય મેળવ્યા બાદ પી.એચ.ડી. અધૂરું છોડી દે અથવા જો વિદ્યાર્થી ૦૬ માસથી વધુ ગેરહાજર રહેશે તો તેણે લીધેલી તમામ રકમ ૧૨%ના દંડનીય વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીની યુનિવર્સિટીના જે તે વિભાગમાં નિયમિત રીતે ઓછામાં ઓછા ૭૫% હાજરી હોવી જોઈએ. આ અંગે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HOD) અને પી.એચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર દરેક માસના તથા દરેક સત્રના અંતે જમા કરાવવાનું રહેશે. વિદ્યાર્થીએ મોબાઇલ એટેન્ડન્સ સિસ્ટમ (MAS) અંતર્ગત તેની હાજરી માર્ક કરવાની રહેશે. દર માસના અંતે વિદ્યાર્થીની ઓછામાં ઓછી ૭૫% હાજરી થવી જરૂરી છે.

૧૧. ગંભીર બીમારી અથવા અન્ય કોઈ અનિવાર્ય કારણોસર વિદ્યાર્થીના ગાઈડની પૂર્વ મંજુરીથી જ વિદ્યાર્થીની રજા ગાઈડ દ્વારા મંજુર કરવામાં આવશે.

૧૨. વિદ્યાર્થીએ ગાઈડ અને જે તે વિભાગના એચ.ઓ.ડી.નો સંતોષકારક કામગીરી માટેનો સતત મૂલ્યાંકન અહેવાલ (Continuous Evaluation Report) દર માસે જમા કરાવવાનો રહેશે. સંતોષકારક મૂલ્યાંકન અહેવાલ કેસીજી ખાતે જમા કરાવ્યા બાદ તેની પ્રમાણભૂતતા ચકાસીને જ સહાયની રકમ મળવાપાત્ર રહેશે.

૧૩. વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC)માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) થયા બાદ દિન-૧૫માં જમા કરાવવાનો રહેશે.

૧૪. અરજીની પ્રક્રિયા:

1. આ યોજના અંતર્ગત ઠરાવમાં દર્શાવેલ લઘુત્તમ લાયકાત ધરાવતા અને યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ નિયત નમુનામાં નિશ્ચિત કરવામાં આવેલ ધારાધોરણો અનુસાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. વિદ્યાર્થીએ યુનિવર્સિટી વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HOD) અને ગાઈડનું ઓથોરાઈઝડ પ્રમાણપત્ર નિયત નમુનામાં રજુ કરવાનું રહેશે. જે તે યુનિવર્સિટીના નોડલ ઓફિસર દ્વારા આવેલ અરજીઓની ચકાસણી કરી વિદ્યાર્થીને આ યોજના માટે સહાય પ્રાપ્ત કરવા અંગે ક્વોલીફાય/ડીસ્ક્વોલીફાય કરવાનો રહેશે.
3. યુનિવર્સિટીના નોડલ ઓફિસર દ્વારા ક્વોલીફાય કરવામાં આવેલ વિદ્યાર્થીઓની અરજીઓ કેસીજી ખાતે ઓનલાઈન મોકલવામાં આવશે. તથા કેસીજી દ્વારા ક્વોલીફાય થયેલ વિદ્યાર્થીઓની અરજીઓ સ્કુટીની કમિટી સમક્ષ રજુ કરવામાં આવશે.

4. સ્ક્રુટીની કમિટી દ્વારા અરજીઓના વિષયવસ્તુ અને ઉચ્ચ ગુણવત્તાના આધારે અરજીઓ મંજુર/નામંજૂર કરવામાં આવશે તથા મંજુર થયેલ અરજીઓને સહાયની રકમ ફાળવવા માટે કેસીજીને ભલામણ કરવામાં આવશે.
5. કમિટી દ્વારા મંજુર/માન્ય કરવામાં આવેલ વિદ્યાર્થીને જ આ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર થશે.
6. કેસીજી ખાતેના એકમને મળેલ ઓનલાઈન અરજીઓની ચકાસણી અને મંજુરી સ્ક્રુટીની કમિટી દ્વારા કરવામાં આવશે. સ્ક્રુટીની કમિટી દ્વારા સરકારશ્રીની પરામર્શમાં રહી નિયત કરાયેલ ધારાધોરણો સંતોષતા વિદ્યાર્થીઓને સહાયની ચુકવણી કેન્દ્રીયકૃત ધોરણે કરવાની રહેશે.

૧૫. યોજનાનું અમલીકરણ:

1. આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), અમદાવાદે કાર્યવાહી કરવાની રહેશે. આ માટે કેસીજી કચેરી ખાતે સ્ટાફ સહીત અલાયદું એકમ ઉભું કરવાનું રહેશે.
2. આ યોજના અંતર્ગત ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી. કરવા માટે આપવાની થતી સહાય અંગેની નાણાંકીય જોગવાઈ તથા સંબંધિત તમામ વહીવટી કાર્યવાહી નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ દ્વારા કરવાની રહેશે.
3. કેસીજી ખાતે કાર્યરત થનાર એકમ દ્વારા નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેન્ટરના પરામર્શમાં વેબ પોર્ટલ બનાવડાવી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ જરૂરી દસ્તાવેજો સહીત મંગાવવાની રહેશે.
4. આ યોજના હેઠળ રાજ્યભરમાં આવેલી યુનિવર્સિટીઓ ખાતે નિયુક્ત કરેલ હેલ્પ સેન્ટરો મારફતે કેસીજી ખાતે પોર્ટલ ઉપર ઓનલાઈન અરજીઓ મંગાવવાની રહેશે. યુનિવર્સિટી-સંસ્થાઓ- હેલ્પ સેન્ટરો સાથેના તથા વિદ્યાર્થીઓની સહાય સંબંધિત રજુઆતોને લગતા તમામ પત્રવ્યવહાર કેસીજી ખાતેના સેલમાં કરવાના રહેશે.

૧૬. આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા સહાય માટે વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું કેસીજી દ્વારા જી.એસ.એફ.એસ. માં રોકાણ કરવાનું રહેશે.

૧૭. આ યોજના હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ એકત્રિત નિધિ તરીકે ગણવાની રહેશે. વહીવટી કામગીરી માટે "SHODH" (ScHeme Of Developing High quality research)

યોજના (માઇનોર રીસર્ચ ગ્રાન્ટ પ્રોજેક્ટ) ની દરેક વર્ષની બજેટ જોગવાઈના ૧% (એક ટકા)ની રકમ કેસીજીની કચેરીને આ નિધિ અને તેના વ્યાજમાંથી થયેલ ખરેખર ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. જેનો ખર્ચ યોજનાને લગતી આનુષંગિક કામગીરી માટે કરવાનો રહેશે.

૧૮. આ યોજનાનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી,કે.સી.જી. કચેરી, "પ્રજ્ઞાપુરમ" કેમ્પસ, એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ પાસે, અમદાવાદ
- એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
-પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
-નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-સિલેકટ ફાઇલ.